# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-09-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# PM MODI – GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હરિત વિકાસ અને શૂન્ય કાર્બન ઉત્સર્જનનું લક્ષ્ય હાંસલ કરવા માટે ભારતની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી છે. શ્રી મોદી ગાંધીનગરમાં મહાત્મા મંદિરમાં ચોથી વૈશ્વિક નવીનીકરણીય ઊર્જા રોકાણકાર સંમેલનને સંબોધી કરી રહ્યા હતા. પ્રધાનમંત્રીએ પીએમ સૂર્યઘર મુફ્ત વીજળી યોજના રાષ્ટ્રને સમર્પિત કરી હતી.

પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, ભારત વિકાસશીલ દેશ હોવા છતાં પેરિસમાં નક્કી કરેલી જળવાયુ પરિવર્તન અંગેની પ્રતિબધ્ધતા નવ વર્ષ પહેલાં પૂર્ણ કરી છે.

આ યોજના અંગે શ્રી મોદીએ વધુમાં આ મુજબ જણાવ્યુઃ

**(Byte PM Solar roof top)**

શ્રી મોદીએ યુવાનો માટે પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રમાં રોજગાર અને કૌશલ્ય અંગેની પૂરતી તકો પર ભાર મૂક્યો હતો. પ્રધાનમંત્રીએ તમામ હિતધારકો અને સંમેલનમાં ભાગ લઈ રહેલા પ્રતિનિધીઓને ભારતના ઊભરતા હરિત ઊર્જા ક્ષેત્રમાં રોકાણ કરવા વિનંતી કરી હતી.

શ્રી મોદીએ જણાવ્યું કે, જળવાયુ સમર્થક સિધ્ધાંત ભારતની પ્રતિબધ્ધતાનો મુખ્ય હિસ્સો છે, જેમાં મિશન લાઇફ એટલે કે પર્યાવરણ અનુકુળ જીવન શૈલી અને પુનઃ ઉપયોગ થનારા અર્થતંત્રની પરિકલ્પનાનો સમાવેશ થાય છે. તેમણે અયોધ્યા સહિત દેશનાં 17 શહેરોને સોલર સિટી તરીકે વિક્સાવવાની યોજના અંગે વધુમાં જણાવ્યું....

(બાઇટ- પીએમ, સોલાર સીટી)

**પ્રધાનમંત્રીએ છેલ્લાં 10 વર્ષમાં હરિત હાઇડ્રોજન સહિત વિવિધ સ્વચ્છ ઉર્જા ઉત્પાદન ક્ષેત્રોમાં પોતાની સરકારની ઉપલબ્ધિઓ પર પણ પ્રકાશ પાડ્યો.**

**કેન્દ્રીય નવીન અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રી પ્રહલાદ જોષીએ સ્વચ્છ ઊર્જા ક્ષેત્રમાં ભારતની મહત્વપૂર્ણ પ્રગતિ પર ભાર મુકતા જણાવ્યું કે, ભારતે પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રમાં 86 ટકા વધારો હાંસલ કર્યો છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પણ ગુજરાતને પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રમાં અગ્રણી બનાવવાનો પુનરોચ્ચાર કર્યો હતો.**

**કેન્દ્રીય નવીન અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રાલયે આ સંમેલન અને પ્રદર્શનનું આયોજન કર્યું છે. ત્રણ દિવસનાં આ કાર્યક્રમમાં 40થી વધુ સત્ર હશે, જેમાં 140 દેશોનાં લગભગ દસ હજાર પ્રતિનિધિ ભાગ લઈ રહ્યા છે.**

**આ અગાઉ પ્રધાનમંત્રીએ ગાંધીનગરમાં પીએમ સૂર્યઘર મુફ્ત વીજળી યોજનાના લાભાર્થીઓ સાથે વાત કરી હતી.**

પ્રધાનમંત્રીએ  અમદાવાદથી ગાંધીનગરને જોડતાં મેટ્રો પ્રોજેક્ટના બીજા તબક્કાનો પ્રારંભ કરાવ્યો હતો અને સેક્ટર વનથી ગિફ્ટ સિટી સુધી મેટ્રોમાં સવારી કરી હતી.

શ્રી મોદી આજે સાંજે અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે આઠ હજાર કરોડ રૂપિયાથી વધુનાં વિવિધ પ્રોજેક્ટનાં લોકાર્પણ અને શિલાન્યાસ કરશે. . તેઓ ભુજ અને અમદાવાદ વચ્ચે દેશની પ્રથમ વંદે ભારત મેટ્રો ટ્રેન ઉપરાંત નાગપુરથી સિકંદરાબાદ, કોલ્હાપુરથી પૂણે, આગ્રા કેન્ટથી બનારસ, દુર્ગથી વિશાખાપટ્ટનમ, પૂણેથી હુબલી વચ્ચે વંદે ભારત ટ્રેન તથા વારાણસીથી દિલ્હી વચ્ચે 20 કોચની વંદે ભારત ટ્રેનનો શુભારંભ કરાવશે.

. . . . . . . . . . . . .

# EID CELEBRATION

આજે મુસ્લિમ બિરાદરો દ્વારા મિલાદ ઉન નબીની ઉજવણી કરવામાં આવી રહી છે. આ નિમિત્તે રાજ્યભરમાં મુસ્લિમો દ્વારા જુલુસ યોજવામાં આવી રહ્યાં છે..

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં  ઈદ એ મિલાદ ઉન નબી નું જુલૂસ નિકળ્યુ હતું..જેમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો જોડાયાં હતાં.. નાની દમણના ધાચીવાડ ખાતેથી આ જુલુસ યોજાયું હતું. ત્યાં થી જુલૂસ બસ સ્ટેન્ડ, ઝાપાબાર, ચાર રસ્તા,જેટી વિસ્તારમાં ફરી બસ સ્ટેન્ડ ખાતે તેનુ સમાપન થયું હતું. આ પ્રસંગે ધારાસભ્ય ડોક્ટર કિરીટ પટેલ, શહેર કોંગ્રેસ પ્રમુખ દીપક પટેલ  સહિત અગ્રણીઓએ હાજરી આપી ઇદે મિલાદુન્નબી પર્વ નિમિત્તે સૌને શુભેચ્છાઓ પાઠવી..

જ્યારે ભુજ અને સુરેન્દ્રનગરમાં પણ ઉત્સાહપૂર્વક ઇદે મિલાદની ઉજવણી કરાઇ હતી..

-----------------------------

**SEVASETU**

રાજ્ય સરકાર દ્વારા વહીવટમાં પારદર્શિતા વધે તેમજ પ્રજાની રજૂઆતોના ઝડપી ઉકેલ લાવી શકાય તે માટે સમગ્ર રાજ્યમાં આવતીકાલથી 31 ઓક્ટોબર સુધી સેવાસેતુ કાર્યક્રમના 10માં તબક્કાનો પ્રારંભ થશે. જેમાં વિવિધ વિભાગોની 55 જેટલી સેવાઓ નાગરિકોને પુરી પાડવામાં આવશે.

ગાંધીનગરના જિલ્લા કલેકટર મેહુલ દવેએ જણાવ્યું કે, દરેક તાલુકામાં 3 સેવા સેતુ કાર્યક્રમ યોજાશે. દરેક તાલુકાના ગામોની 3 ક્લસ્ટરમાં વહેંચી દરેક ગામોને આવરી લેવામાં આવશે.

રાજકોટમાં પણ આવતીકાલથી સેવા સેતુ કાર્યક્રમનો પ્રારંભ થશે. જે અતંર્ગત અધિકારીઓ તથા કર્મચારીઓ દ્વારા ગ્રામજનોના પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ કરવામાં આવશે.

................

## OZONE DAY

આજે દેશ અને દુનિયાભરમાં વિશ્વ ઓઝોન દિવસની ઉજવણી કરાઈ રહી છે. આ દિવસ ઉજવવા પાછળ વાતાવરણમાં રહેલા ઓઝોન સ્તરને નુકસાન પહોંચાડતા પદાર્થોનો ઉપયોગ અને ઉત્પાદન ઘટાડવાનો હેતુ છે. જે અંતર્ગત નાગરિકોને પ્લાસ્ટિકના ડબ્બા, કન્ટેનર, ક્લોરોફ્લોરો કાર્બન ધરાવતા સ્પ્રેનો વધુ પડતો ઉપયોગ ન કરવાની સલાહ આપવામાં આવે છે. સાથે જ ઇકો ફ્રેન્ડલી ચીજોનો ઉપયોગ કરવાની સલાહ છે.

1995માં પહેલીવાર આ દિવસની ઉજવણીની શરૂઆત થઈ હતી. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ ઓઝોન સ્તરને બચાવવાની જરૂરિયાતની વૈશ્વિક જાગૃતિ લાવવા માટે આ દિવસની ઉજવણી કરી હતી. આ દિવસે ઓઝોન સ્તરને કેવી રીતે બચાવી શકાય તે અંગે જાગૃતિલક્ષી કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

----------------------------